**સ્માર્ટ પસંદગી કરવા માટે હમણાં જ અમારો સંપર્ક કરો**

| | |
|---|---|
| વેબસાઈટ | reliancegeneral.co.in |
| કોલ કરો | 1800 3009 (ટોલ ફ્રી)<br>022-4890 3009 (પેઈડ) |
| વ્હોટ્સએપ | 74004 22200 |

**અમારા વીમા સલાહકારનો સંપર્ક કરો**

શું તમને BroBot સ્પીડ જોઈએ છે?
તો અમારી સાથે ડિજિટલ બનો.

Reliance Selfi

App Store · Google Play

**રિબેટ્સની મનાઈ - વીમા કાયદા (સુધારણા) ધારા 2015 દ્વારા સુધારિત મુજબ વીમા ધારા 1938ની કલમ 41.** યોજનામાં દર્શાવવામાં આવેલા પ્રીમિયમનું કોઈ પણ રિબેટ અથવા ચૂકવવાપાત્ર કમિશન સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રિબેટ, ભારતમાં જીવન અને મિલકત સંબંધી જોખમના કોઈ પણ પ્રકાર સંબંધમાં વીમો લેવા અથવા નવીનીકરણ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને આગ્રહ કરીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વીમા આપવાની કોઈ પણ વ્યક્તિને મંજૂરી નથી અથવા આવી ઓફર નહીં કરી શકશે કે કોઈ પણ વ્યક્તિ યોજના લેતી હોય અથવા નવીનીકરણ કરતી હોય અથવા ચાલુ રાખતી હોય તે કોઈ પણ રિબેટ સ્વીકારશે નહીં, સિવાય કે આવું રિબેટ વીમા કંપનીના પ્રસિદ્ધ કરેલા પત્રક અથવા કોષ્ટક અનુસાર મંજૂરી આપવામાં આવી હોય. કોઈ પણ વ્યક્તિ આ કલમની જોગવાઈનું પાલન કરવામાં કસૂર કરશે તો દંડ સાથે સજાપાત્ર રહેશે, જે ₹10 લાખ સુધી હોઈ શકે છે.

**લાભો, રક્ષણ, નિયમો અને શરતો અને અપવાદો પર સંપૂર્ણ વિગતો માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.inની વિઝિટ કરો અને વીમો લેવા પૂર્વે વેચાણ પત્રક, સૂચીપત્ર અને પોલિસી શબ્દાંકન ધ્યાનપૂર્વક વાંચો. કર કાયદા ફેરફારને આધીન છે.**

**આઈઆરડીએઆઈ નોંધણી નં. 103. રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ,**
નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલયઃ રિલાયન્સ સેન્ટર, સાઉથ વિંગ, 4થો માળ, વેસ્ટન એક્સપ્રેસ હાઈવે નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 055. કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર:U66603MH2000PLC128300.
રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી UIN: IRDAN103RP0010V02100001.
ખાનગી કાર માટે શૂન્ય ઘસારો UIN: IRDAN103RP0010V02100001/A0006V01201314.
ખાનગી કાર માટે એન્જિન સંરક્ષક UIN: IRDAN103RP0010V02100001/A0009V01201314.
ખાનગી કાર માટે પ્રોટેક્ટ રક્ષણ UIN: IRDAN103RP0010V02100001/A0008V01201314.
ખાનગી કાર માટે કન્ઝ્યુમેબલ ખર્ચ UIN: IRDAN103RP0010V02100001/A0007V01201314.
ખાનગી કાર માટે એનસીબી રિટેન્શન રક્ષણ UIN: IRDAN103RP0010V02100001/A0012V01200910.
ખાનગી કાર માટે ઈએમઆઈ રક્ષણ UIN: IRDAN103RP0010V02100001/A0006V01201415.
ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો અનિલ ધીરુભાઈ અંબાણી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડનો છે અને રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે.
દરો ફક્ત થર્ડ પાર્ટી માટે નિશ્ચિત કરાયા છે* કૃપા કરીને કોઈ પણ શબ્દ કે અર્થ સ્પષ્ટ રીતે સમજવા માટે અંગ્રેજી પત્રક પણ જુઓ*

**અમારી સાથે જોડાઓ**

**An ISO 9001:2015 Certified Company**

RGI/MCOM/CO/MOT-02/BR/VER.2.0/121020.

## અમે વચનનું પાલન કરીએ છીએ

### તુરંત પોલિસી જારી
તમે જ્યાં પણ હોય, અમે તમારી પોલિસી તુરંત જારી કરીએ છીએ. અમારી વેબસાઈટની વિઝિટ કરો અથવા રિલાયન્સ સેલ્ફી પર ટેપ કરો અથવા અમારા એડવાઈઝરને કોલ કરો. અમે 60 સેકંડની અંદર જારી કરવા માટે માહેર છીએ.

### 48 કલાકમાં દાવાનો સર્વે
તમે અમારી પાસે દાવો કરતાં જ 48 કલાકમાં દાવાના સર્વે માટે અમે તમને કોલ કરીશું.

### અસલ સમયનું દાવાનું ટ્રેકિંગ
તમારે અમારો પીછો કરવાની જરૂર નથી. ફક્ત રિલાયન્સ સેલ્ફી એપ ખોલો અને કોઈ પણ સમયે તમારા દાવાની અસલ સમયની સ્થિતિ મેળવો.

### કાર ટોઈંગ અમારી પર
તમે તમારી બગડેલી કાર ટોવ કરાવો છો ત્યારે અમે ₹1500 સુધી ટોઈંગ શુલ્કની ભરપાઈ કરીએ છીએ.

*વધુ વિગતો માટે અમારી વેબસાઈટ પર અમારા પોલિસી શબ્દાંકન જુઓ અથવા અમારા ઈન્શ્યુરન્સ એડવાઈઝરને પૂછો



## પોલિસી બધું જ આવરી લે છે, પરંતુ આ નહીં

રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે પારદર્શકતામાં માનીએ છીએ. દાવો કરવા સમયે તમને કોઈ પણ અસુખદ અનુભવનો સામનો નહીં કરવો પડે તેની ખાતરી રાખવા માટે પોલિસીમાં અમુક મુખ્ય અપવાદો પર એક નજર ફેરવોઃ

- પરિણામકારી નુકસાન
- ઘસારો
- યાંત્રિક અને વિદ્યુત બગાડ, નિષ્ફળતા કે ભાંગફોડ
- તમારું વાહન ભૌગોલિક વિસ્તારની બહાર ઉપયોગ કરાયું હોય
- ઉપયોગની મર્યાદાથી વિપરીત તમે ઉપયોગ કર્યો હોય
- ડ્રાઈવર ધારામાં નોંધ સિવાયની વ્યક્તિ દ્વારા વાહન ડ્રાઈવ કરવામાં આવે
- યુદ્ધની ઘટનાઓ, અણુ ઘટનાઓ અને શરાબ સેવન કરીને ડ્રાઈવિંગ

## દાવો કરવાની આસાન રીત

અમને 1800 3009 પર તુરંત કોલ કરીને જાણ કરો અથવા રિલાયન્સ સેલ્ફી એપનો ઉપયોગ કરો.

તમારી કારને સમારકામ માટે કોઈ પણ ગેરેજમાં લઈ જાઓ.
**કેશલેસ દાવા માટેઃ** અમારી કંપનીનાં અધિકૃત 5000+ નેટવર્કનાં ગેરેજ દ્વારા સમારકામ કરાવો. અમે ચૂકવવાપાત્ર રકમ સુધી ગેરેજને સીધા જ સમારકામનાં બિલની ચુકવણી કરીશું.
**ભરપાઈના દાવા માટેઃ** જો તમે તમારી પસંદગીનું ગેરેજ અપનાવ્યું હોય તો તમે સમારકામ શુલ્ક ચૂકવી શકો છો અને ત્યાર પછી સમારકામનાં બિલો અને રસીદ અમને પતાવટ માટે મોકલી શકો છો.

સર્વેયર/આરજીઆઈને જરૂરી દસ્તાવેજો સુપરત કરો અને ત્યાર પછી સમારકામ માટે આગળ વધો.

આરજીઆઈ લાયેબિલિટી અને વાહનની ડિલિવરીને સમર્થન આપે છે

Digital India Power To Empower | Reliance GENERAL INSURANCE | CSC e-Governance Services India Limited

મોટર ઈન્શ્યુરન્સ

# રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી

## સંરક્ષિત ડ્રાઈવ માટે સ્કેન કરો, પે કરો અને સ્ટ્રેક ઈન કરો.

Tech+ ❤ = Live Smart



તમારી કાર સાથે ઘણી બધી અવિસ્મરણીય યાદો જોડાયેલી હોવાથી તે સહજ જ તમારી અત્યંત મહત્ત્વપૂર્ણ ચીજમાંથી એક છે. કી–લેસ એન્ટ્રી ટેક–એનેબલ્ડ કાર ધરાવવા માટે તમારો પ્રેમ અને તમારી કારમાં ડેન્ટ પડે ત્યારે તમને થતું દર્દ–આ બંને લાગણીઓને અમે સમજીએ છીએ. આથી જ રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે તમારા માટે એવું વીમા રક્ષણ લાવ્યા છીએ જે તમારી કારને જરૂરી સંભાળને મનઃપૂર્વક જાણવા સાથે ઝડપી સહાય માટે ટેકનોલોજીની સુવિધા પ્રદાન કરે છે.

**રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી Tech + ❤**
**સાથે *Live* Smart ની નવી રીત છે.**



## પોલિસી તમારી અને તેમની હાનિને આવરી લે છે

રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી વિવિધ* કારણોથી તમારી કારને પોતાની હાનિ થવા પર નાણાકીય નુકસાન તેમ જ અકસ્માત થવા પર તેમને ઈજા/મૃત્યુ અથવા તેમની માલમતાને હાનિના સંજોગોમાં થર્ડ પાર્ટી સામે ઉદભવતી કોઈ પણ લાયેબિલિટી સામે રક્ષણ અને ભરપાઈ આપે છે (મોટર વેહિકલ્સ એક્ટ અનુસાર**)

## નુકસાન પેદા કરતાં વિવિધ કારણો*

અકસ્માત, આગ, વીજ ત્રાટકવાથી, સેલ્ફ–ઈગ્નિશન, વિસ્ફોટ, બર્ગલરી, ઘરફોડી કે ચોરી, હુલ્લડ અને હડતાળ, બદઈરાદાનું કૃત્ય, આતંકવાદ, ધરતીકંપ, પૂર, વાવાઝોડું અને તોફાન દ્વારા અથવા કાર રેલ, રસ્તા, હવાઈ, એલીવેટર અને લિફ્ટ માર્ગે ટ્રાન્ઝિટ કરાતી હોય ત્યારે નુકસાન અને હાનિ.

## અમને અલગ તારવતા 5 મુદ્દા

### ફક્ત એક ટેપમાં અમે હાજર!

કાર પોલિસીઓ ટ્રિકી નથી, પરંતુ સરળ હોય છે. તમે તે ખરીદી અને નવીનીકરણ કરો ત્યારે પણ આવું જ હોવું જોઈએ. ફક્ત 60 સેકંડમાં પોલિસી મેળવવા માટે તમારે ફક્ત તમારી જૂની પોલિસી અને તમારા ફોનમાં કેમેરા તૈયાર રાખવાનો રહે છે. ઓસીઆર ટેકનોલોજી– પાવર્ડ રિલાયન્સ સેલ્ફી એપનો ઉપયોગ કરીને ફક્ત સ્કેન કરો, રિવ્યુ કરો અને પે કરો.

### તમારી પોલિસી. તમારી પસંદગી. તમારા એડ-ઓન.

અમે તમને પસંદગી કરવાની આઝાદી આપીએ છીએ. કાર ઈન્શ્યુરન્સ રક્ષણ બધી કાર માટે સામાન્ય છે તે રક્ષણ આપે છે, પરંતુ તે રક્ષણની જરૂર તમે જ્યાં રહો છો ત્યાંથી તમે કેટલું ડ્રાઈવ કરો છો તેની સાથે બદલાતું રહે છે. આથી અમારી પાસે તમારી પસંદગી અને જરૂરને આધારે અપનાવવા માટે ઘણા બધા એડ–ઓન્સ તમને મળે છે.

### તમે જ્યાં પણ હોય ત્યાંથી નજીક.

5000+ નેટવર્કનાં ગેરેજોના વિશાળ નેટવર્ક સાથે તમે ડ્રાઈવ કરશો તે કોઈ પણ દેશની અમે નજીક છીએ. સૌથી સારી વાત એ છે કે અમે સર્વત્ર કેશલેસ દાવાની સુવિધા આપીએ છીએ, જેનો અર્થ તમારી કાર સમારકામ થાય ત્યારે તમે નિશ્ચિંત રહી શકો છો અને અમે ગેરેજ સાથે સીધા જ દાવાની પતાવટ કરીશું.

### અમે ફક્ત એક વિડિયો સ્ટ્રીમ દૂર છીએ.

તમારી કાર જંગલમાં અથવા ટેકરીઓ પર ફસાઈ ગઈ હોય તો તમારા ફોન પર બસ ટેપ કરો, રિલાયન્સ સેલ્ફી એપ ખોલો અને તુરંત દાવા સહાય મેળવવા માટે અમારી સાથે લાઈવ સ્ટ્રીમ કરો. અને હા! રિલાયન્સ સેલ્ફી એપ ગૂગલ પ્લે સ્ટોર અથવા એપ સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકો છો.

### દાવો નહીં, બોનસ હા.

પોલિસી વર્ષ દરમિયાન કોઈ દાવો નહીં કરાય તો નિશ્ચિત જ તમારી કાર અને તમારા વીમા પ્રીમિયમ માટે પણ સારી વાત છે, કારણ કે એનસીબી (નો ક્લેઈમ બોનસ) સાથે તમારા પ્રીમિયમ પર 50% સુધી પ્રીમિયમ તમે જમા કરી શકો છો. જો તમે માન્યતાપ્રાપ્ત ઓટોમોબાઈલ એસોસિયેશનના સભ્ય હોય તો અમે વધારાના ડિસ્કાઉન્ટ પણ આપીએ છીએ.

**ધારાની લાયેબિલિટી (મોટર વેહિકલ એક્ટ અનુસાર): થર્ડ પાર્ટીઓને મૃત્યુ અથવા શારીરિક ઈજા, કારમાં બેઠેલી કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ અથવા શારીરિક ઈજા, જેઓ વીમિત કર્મચારીઓ નહીં હોવા જોઈએ અને ભાડે અથવા પુરસ્કાર માટે લઈ જવાતા નહીં હોવા જોઈએ, થર્ડ પાર્ટી માલમતાને હાનિ.

## એડ-ઓન ! કારણ કે તેની તમને જરૂર છે#

### શૂન્ય ઘસારા સાથે પરિપૂર્ણ રક્ષણ

તમે વ્યાપક રક્ષણમાં આવો એક દાવો કરો ત્યારે મોટે ભાગે ગ્લાસ, ફાઈબર વગેરેના બનેલા બદલી કરી શકાતા પાર્ટસના ઘસારાના ખર્ચને કાપી લીધા પછી તમને દાવો ચૂકવવામાં આવે છે. શૂન્ય ઘસારા રક્ષણ અથવા તે માટે લોકપ્રિય શબ્દ બમ્પર– ટુ– બમ્પર રક્ષણ આ કપાતથી તમારો બચાવ કરે છે અને સંપૂર્ણ દાવાની ભરપાઈ તમને અપાવી શકે છે. આથી જો તમે નવી કાર ધરાવતા હોય અથવા તમે નવા ડ્રાઈવર હોય અથવા ભારે ટ્રાફિક વચ્ચે શહેરમાં ડ્રાઈવિંગ કરતા હોય તો આ રક્ષણ લો.

### કન્ઝ્યુમેબલ્સનું રક્ષણ

નટ્સ, બોલ્ટ્સ, સ્ક્રુ, વોશર્સ, ગ્રીસ, લુબ્રિકન્ટ્સ, ક્લિપ્સ, એસી ગેસ, બેરિંગ્સ, ડિસ્ટિલ્ડ વોટર, એન્જિન ઓઈલ, ઓઈલ ફિલ્ટર, ફ્યુઅલ ફિલ્ટર અને બ્રેક ઓઈલ જેવી બહુ ધ્યાનમાં નહીં લેવાતી આઈટમો તમારા ખિસ્સામાં મોટું ગાબડું પાડી શકે છે. આ આઈટમોની યાદી હજુ લાંબી છે, પરંતુ તમે કન્ઝયુમેબલ્સ રક્ષણ લો ત્યારે તે આવરી લેવાય છે. આથી જો તમારી પાસે નવી અથવા પ્રીમિયમ કાર હોય અને ખિસ્સામાં મોટું ગાબડું નહીં પડે એવું ચાહતા હોય તો આ રક્ષણ જરૂર લો.

### એન્જિન આત્મા છે, તેનું રક્ષણ કરો.

તમે ભારે વરસાદવાળા કે પૂરગ્રસ્ત વિસ્તારમાં રહેતા હોય તો પાણી તમારી કારના એન્જિન સાથે બિલકુલ મૈત્રીપૂર્ણ નથી તે યાદ રાકો. આથી જ પાણી ભરાવાથી થતી અપ્રત્યક્ષ હાનિ કે લુબ્રિકેટિંગ ઓઈલના ગળતરથી એન્જિનના પાર્ટસ, ડિફરન્શિયલ પાર્ટસ અને ગિયર બોક્સ પાર્ટસને થતું નુકસાન કે હાનિનું સમારકામ કરવા માટે ઉદભવતા ખર્ચની ભરપાઈ માટે એન્જિન પ્રોટેકશન રક્ષણ લો.

### ચાવીઓ તાળાંની અંદર ભરાવીને રાખી નહીં શકાય

નિખાલસતાથી વાત કરીએ તો આપણે બધાએ આપણા જીવનના અમુક તબક્કે આપણી કારની ચાવીઓ ગેરવલ્લે અથવા ગુમાવી દીધો હોય છે. અમે તમારે માટે ચાવી શોધી નહીં શકીએ, પરંતુ તમારી કારની ચાવીઓ અને/અથવા લોક અને/અથવા લોક સેટ સમારકામ કે ફેરબદલી કરવા માટે તમને ઉદભવનાર ખર્ચનું નિશ્ચિત જ રક્ષણ કરી શકીએ છીએ. તો અવગણના નહીં કરો, જો તમે ઓટોમેટિક કાર કી અથવા લોક સેટ ધરાવતી કાર ડ્રાઈવ કરતા હોય તો કી પ્રોટેક્ટ રક્ષણ જરૂર લો, કારણ કે તેની ફેરબદલી બહુ ખર્ચાળ નીવડી શકે છે.





### કાર થોભે છે, પંરતુ ઈએમઆઈ નહીં

અમુક વાર હાનિ આપણે માટે અને કાર માટે પણ સાજી થવામાં સમય લે છે. તમારી કાર 30થી વધુ દિવસ અધિકૃત સર્વિસ સેન્ટરમાં સમારકામ હેઠળ હોય ત્યારે તમારી ચાલતી કાર લોનના ઈએમઆઈનો અમે ઉકેલ લાવીએ છીએ. હા, ઈએમઆઈ પ્રોટેકશન રક્ષણ સાથે અમે તમારી કારની લોનના 3 મહિના સુધીના ઈએમઆઈ સીધા જ બેન્કમાં ભરીએ છીએ.

### દાવો કરો છો છતાં એનસીબી જોઈએ છે

તમારી કાર પર નાનામાં નાની હાનિ પણ જોઈ નહીં શકતા હોય અને તેનો દાવો કરવા માગતા હોય તો તમારે માટે આ એડ–ઓન છે. એનસીબી રિટેન્શન રક્ષણ લો અને પોલિસી વર્ષ દરમિયાન દાવો કરો તો પણ તમારી એનસીબી જાળવી રાખો. તમે પોલિસીમાં ફક્ત એક દાવો કરી શકો છો.

### અકસ્માત ગાબડું પાડી શકે છે

કોઈ ગમે તેટલું સુરક્ષિત રીતે ડ્રાઈવ કરે તો પણ અકસ્માત ગમે ત્યારે સર્જાઈ શકે છે અને આપણે પોતાનું અને પરિવારનું નુકસાનથી રક્ષણ કરવાનો ફક્ત પ્રયાસ કરી શકીએ છીએ. અંગત અકસ્માત રક્ષણ અકસ્માતી મૃત્યુ અને કાયમી કુલ વિકલાંગતાના સંજોગોમાં રક્ષણ આપશે. જો તમે વ્યાપક ડ્રાઈવ કરતા હોય અને તમારા પરિવારમાં એકમાત્ર કમાતા સભ્ય હોય તો આ રક્ષણ જરૂર લો.

તમે આ ઓફરમાંથી તમારા એડ–ઓન પસંદ કરી શકો છો#

| | |
|---|---|
| **મોટર સિક્યોર પ્લસ** | શૂન્ય ઘસારો + એન્જિન રક્ષણ + કન્ઝયુમેબલ રક્ષણ |
| **મોટર સિક્યોર પ્રીમિયમ** | મોટર સિક્યોર પ્લસ + કી પ્રોટેક્ટ રક્ષણ |

*#વધુ વિગતો માટે અમારી વેબસાઈટ પર અમારા પોલિસી શબ્દાંકન જુઓ અથવા અમારા ઈન્શ્યુરન્સ એડવાઈઝરને પૂછો
#નિયમો અને શરતો લાગુ

રિલાયન્સ પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી UIN : IRDAN103RP0010V02100001.